# સારો રાજા યોશિયાહ દેવના વચનને આધિન થયો.

પ્રાર્થના : વહાલા ઈશ્વર, બાળકોને તમારા પર વિશ્વાસ કરવા અને તમારા વચનનું માન રાખવા સહાય કરો.

બાળકોની ઉંમર, જરૂરિયાત અને તેમની આત્મિક ઉન્તતિને અનુરૂપ પ્રવૃત્તિઓ પસંદ કરો.

યોશિયાહ રાજા કે કિશોર ઉંમરનો હતો તેની વાર્તા શીખવવાની તૈયારી કરો. **૨ કાળ. ૩૪:૧-૨૧ અને ૨૯-૩૩ વાંચો.** બાઈબલના વચનને આધિન થવું ખૂબ મૂલ્યવાન છે તે આ વચનો શિખવે છે.



એક સિનિયર વિદ્યાર્થી આ **વાર્તા મોઢે** કહે.  પછી આ પ્રશ્નો પૂછે *(જવાબો સાથે જ આપેલા છે)*

- જૂઠા દેવોની મૂર્તિઓ અને વેદીઓ સાથે યોશિયાહ રાજાએ કેવો વ્યવહાર કર્યો ? (કલમ ૩-૪ જૂઓ)
- હિલ્કીયાહ યાજકને દેવના નિયમનું પુસ્તક ક્યાંથી મળ્યું ?  (ક. ૧૫)
- જ્યારે યોશિયાહ રાજાએ દેવનું વચન વાંચ્યું અને જાણ્યું કે તેના લોકો તે વચનોને આધિન રહ્યા ન હતા ત્યાં તેણે પોતાનું દુઃખ દેખાડવા માટે શું કર્યું ? (ક. ૧૯)
- દેવનું વચન સાંભળ્યા પછી લોકોએ એક સાથે મળીને શું કરવાની પ્રતિજ્ઞા લીધી ? (ક. ૩૨.)
- શું લોકોએ તેમના રાજાનું દેવના વચનને આધિન થવાનું અનુસરણ કર્યું ? (ક.૩૩)

**પ્રવૃત્તિઓ :**

- નાના છોકરાઓ  માટે - બાઈબલ ક્યાંક છુપાવી દો અને છોકરાઓને તે શોધવાનું કહો. પછી કહો કે યોશિયાહ રાજાના વખતમાં આવું બન્યુ હતું.
- મોટા છોકરાઓ માટે (જો તેમની પાસે બાઈબલ હોય તો બાઈબલના કોઈ ભાગની કેટલીક બાબતો બતાવો જેમ કે પુસ્તક, અધ્યાય અને કલમ અને પછી જલ્દીથી છોકરાઓને તે શોધવાનું કહો. આ રીતે તેઓ બાઈબલમાંથી માહિતી શોધતા શીખશે.

યોશિયાહ રાજાની વાર્તાના જુદા જુદા ભાગોનું **નાટક બનાવો.**

- સભાના આગેવાન સાથે બાળકોને આ નાટક ભજવવા દેવાનું ગોઠવો.
- મોટા છોકરાઓ નાના છોકરાઓને તૈયાર કરે.
- મોટા છોકરાઓ કે સભાજનો યોશિયાહ, હિલ્કીયાહ અને વર્ણન કરનારના પાત્રો ભજવે તેઓ વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને નાના બાળકોને સંવાદો યાદ રાખવામાં મદદ કરે.
- નાના છોકરા કામ કરનારાઓ અને લોકો ના ભાગ ભજવે. કામ કરનારાઓ એક ટેબલ કે ખુરશી ઉપર પેપરના ઢગલામાં એક પુસ્તક છુપાયેલું છે તે શોધે. લોકો વેદી માટે મોટા પથરા, નાણા માટેનો ડબ્બો અને સિક્કા તરીકે નાના પથ્થરો ભેગા કરે.

હવે -

**વર્ણન કરનાર :** ૨ કાળ. ૩૪ : ૧-૨૧માંથી વાર્તાનો પ્રથમ, ભાગ કહે. પછી કહે - યોશિયાહ રાજા શું કહે છે તે સાંભાળો.

**યોશિયાહ :** ઈસ્ત્રાએલી લોકો, આપણે મૂર્તિઓ વડે દેવને રોષિત કર્યો છે ચાલો તેઓનો નાશ કરો.

**લોકો :** પથ્થરોની વેદીઓ તોડી નાખે છે.

**યોશિયાહ :** આપણે દેવનું મંદિર સમારવું જોઈએ. આ મોટા કામ માટે કોણ પૈસા આપશે ?

**લોકો :** નાણા પેટીમાં પૈસા નાખે છે પછી કહે 'અમે મંદિર સમારવા માટે અર્પણો લાવીએ છીએ.

**કામ કરનાર :** પૈસા લઈને સમારકામ કરતા હોય તેવો અભિનય કરે. તેમને પુસ્તક જડે છે તે હિલ્કીયાહને આપે છે.

**હિલ્કીયાહ :** હે યોશિયાહ રાજા, જો અમને મંદિરમાંથી શું મળ્યું છે ! આ તો દેવના નિયમનું પુસ્તક છે. પણ આપણે તેમાં જે લખેલું છે તેમ કર્યું નથી. આપણે દેવની આજ્ઞા તોડી છે.

**રાજા :** તે પુસ્તક સામે જૂએ છે.પછી કહે છે 'બધા લોકોને ભેગા કરો. પ્રભુ શું કહે છે તે બધા સાંભળો તેના નિયમનો આપણે જે ભંગ કર્યો છે તે બદલ તે આપણને ક્ષમા કરે માટે અરજ ગુજારવી અવશ્ય છે.

**લોકો :** તમે સારા રાજા છો તમે જેમ કર્યું તેમ અમે કરીશું.

**મોટો છોકરો અથવા એક સભાસદ** : નાટક પુરુ થયે મદદ કરનાર સર્વનો આભાર માને છે.

**પ્રશ્નો** : બાળકોએ જો મોટાઓ માટે આ નાટક કર્યું હોય તો ઉપરના પ્રશ્નો પૂછવા દો.

બાઈબલનું ચિત્ર દોરો. બાળકોને નકલ કરવાનું કહો. મોટા છોકરાઓ હૃદય સાથે બાઈબલ ચાંપીને ઊભેલા બાળકનું ચિત્ર દારી શકે.



- બાળકોને ભજનસેવામાં પોતાનો ચિત્રો બતાવવા દો.
- બાળકોને સમજાવવા દો કે આ ચિત્રો આપણે પ્રભુના વચન પર પ્રેમ રાખીએ છીએ અને હંમેશા તેના વિષે વિચારીઓ છીએ તે દર્શાવે છે.

**બાળકો બીજા ઉદાહરણો** દ્વારા પણ સમજાવે કે દેવે પોતાના લોકોને દોરવા માટે પોતાના વચનનો ઉપયોગ કર્યો છે.

કેટલાક છોકરાઓ ગી.શા. ૧૧૯ :૧-૨ અને ૯-૧૧ કલમોમાંથી એક-એક કે બે-બે કલમો મોઢે બોલે દેવનું વચન આપણી કેવી સહાય કરે છે તે ઉપરથી મોટા છોકરાઓ **ગીત બનાવે.**

નાના છોકરાઓ ૨ તિ. ૩ :૧૬ અને મોટા છોકરાં ૨ તિ. ૩ :૧૬-૧૭ **મોઢે કરે.**

**પ્રાર્થના** : દેવ પિતા, તમારું વચન અમને દોરે છે અને દિલાસો આપે છે તમારું વચન સમજવા અમારી સહાય કરો જેથી અમે તેને આધિન થઈએ અને તેમાં આનંદ કરીએ.



Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net